ગાંધીનગર સમાચાર



# મનપાએ ૩૫૮૩ વ્યક્તીગત શૌચાલયો મંજૂર કરતાં સરકારે ૪૨૫.૪૮ લાખની ગ્રાન્ટ ફાળવી

## રાજ્યમાં સનદી અધિકારીઓની ૬૮ જગ્યાઓ ખાલી છે

**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાને વ્યક્તીગત શૌચાલયો અંગે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં મનપાએ કુલ ૩૫૮૩ શૌચાલયો મંજૂર કરેલ છે અને તે પરત્વે ગ્રાન્ટ પેટે રૂ. ૪૨૫.૪૮ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રીશ્રીએ લેખિત પ્રશ્નના જણાવાયુ છે કે વર્ષ ૨૦૧૪માં ૧૮૫૧ વ્યક્તીગત શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા હતા. આ અંગે રૂ. ૧૪૮.૦૮ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૫માં ૧૭૩૨ વ્યક્તીગત શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા હતા અને રૂ. ૨૭૭.૪૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આમ છેલ્લા બે વર્ષમાં ૩૫૮૩ વ્યક્તીગત શૌચાલયો મનપાએ મંજૂર કર્યા હતા.

તેમણે એમ પણ જણાવ્યું છે કે મંજૂર થયેલ રકમ પૈકી રૂ. ૨૭૬.૭૯ લાખની ચુકવણી કરી દેવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૧૪માં ૧૧૧.૦૨ લાખ અને વર્ષ ૨૦૧૫માં ૧૬૫.૭૭ લાખ આમ કુલ રૂ. ૨૭૬.૭૯ લાખ મનપાને ચુકવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે મંજૂર થયેલ વ્યક્તીગત શૌચાલય પૈકી ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૩૩૬૩ વ્યક્તીગત શૌચાલયો પૂર્ણ થઈ ગયા છે.

**● અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ**

કોંગીના શ્રી શૈલેષભાઈ પરમારે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ટ્રેન પાછળ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષમાં રૂ. ૩૯૯.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે ઈસ્ટ-વેસ્ટ કોરિડોરની વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક વચ્ચેના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. નોર્થ સાઉથ કોરિડોર જીઓ. ટેકનીકલ ઈન્વેસ્ટીગેશનને ૮૦ ટકા કામ પૂર્ણ કરેલ છે. ઉપરાંત ગ્યાસપુર ડેપોમાં બાઉન્ડ્રી વોલ, અર્થવર્ક અને લેન્ડ ગ્રેડીંગની કામગીરી હાલ ચાલુ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ચાલુ વર્ષની ફાળવણી સામે રૂ. ૩૯૯.૯૬ કરોડ ખર્ચ થયેલ છે. આમ કોઈપણ રકમ વણવપરાયેલી આ પ્રોજેક્ટ પાછળ રહેતી નથી.

**● આઈ.એ.એસ.ની ખાલી જગ્યા**

કોંગીના શ્રી અશ્વિન કોટવાલે તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ આઈ.એ.એસ. કેડરના મેહકમની કેટલી જગ્યાઓ ખાલી છે જેના લેખિત ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત કેડરમાં આઈએએસ અધિકારીઓની ૬૮ જગ્યાઓ ખાલી પડી છે.

આઈ.એ.એસ. સંવર્ગમાં નિમણુંકની સત્તા ભાવી સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગ તેમજ યુપીએસસીને હોય છે. રાજ્ય સરકારની દરખાસ્તથી કેન્દ્ર સરકારે છેલ્લા એક વર્ષમાં સીધી ભરતીથી ૯ અને બઢતીથી ૧૨ અધિકારીઓની નિમણુંક કરેલ છે.

## ગાંધીનગર-અમદાવાદ મેટ્રો ટ્રેનનું ઈસ્ટ-વેસ્ટ કોરિડોરની વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક વચ્ચેના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે

# બાંધકામ સમિતિની પ્રથમ બેઠકની કાર્યવાહી રદ

**નવેસરથી પુનઃ પ્રથમ બેઠક બોલાવાશે : પરિણામની ઘોષણા કે મતદાન વિના કાર્યકારી અધ્યક્ષ પણ સભાત્યાગ કરી ગયા હોવાથી નવા અધ્યક્ષની વરણી પણ કરાઈ ન હોવાથી જિલ્લા વિકાસ અધિકારીએ બેઠક રદ કરી**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની ગઈકાલે બાંધકામ સમિતિની મળેલ બેઠકને આજે રદ કરવાનો નિર્ણય જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભીમજ્યાણીએ કર્યો છે. તેમના આ નિર્ણયને પગલે પુનઃ જિલ્લાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે.

ગઈકાલે ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠક કાર્યકારી અધ્યક્ષ મંગુબેન ચૌધરીના અધ્યક્ષ સ્થાને બાંધકામ શાખામાં મળી હતી. જેમાં કોંગ્રેસના આદેશના વાંચન પછી પ્રસ્તાવ મત પર મુકાયો ત્યારે કોંગીના શ્રી બળદેવજી ઠાકોર, ભાવિનસિંહ ઠાકોર અને અમૃતાબેન ઠાકોરે વિરોધ કરી અમૃતાબેન ઠાકોરનું નામ સૂચવતાં કાર્યકારી અધ્યક્ષ મંગુબેન ચૌધરી અને મેન્ડેટમાં સૂચવાયેલ નામ શ્રી શંકરભાઈ ચૌધરી સભાગૃહ છોડી ગયા હતા.

આ પછી કાર્યકારી અધ્યક્ષની નિમણુંક કે ચૂંટણીની પ્રક્રિયા હાથ નહિ ધરી હોવાથી પંચાયતના અધિનિયમોની જોગવાઈનું પાલન થયાનું નહિ જણાતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બેઠક રદ કરવાનો નિર્ણય કર્યો છે.

હવે બાંધકામ સમિતિની બેઠક ફરીથી બોલાવવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. માર્ચના મધ્યમાં પુનઃ બેઠક મળશે અને ત્યારબાદ નવા ચેરમેનની નિયુક્તીનો મુદ્દો હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર




વસંતોત્સવની વસંત ખીલી - ગાંધીનગરના પાદરે પૂરબહારમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વસંત ખીલી છે... વિવિધ નૃત્યશૈલીમાં અભિવ્યક્ત થતાં ગુજરાતના અને પરપ્રાંતિય નૃત્યોએ ભારે આકર્ષણ જમાવ્યું છે... હજારોની સંખ્યામાં કલારસિકો દરરોજ સંસ્કૃતિકુંજની મુલાકાત લે છે... બે કલાકનો સાંસ્કૃતિક કાર્યક્રમ લઘુભારતના દર્શન કરાવે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# પંચાયતમાં પરંપરાના પુનરાવર્તનનો અનોખો યોગાનુયોગ

**કુડાસણની બેઠકના જ સભ્યએ રાજકીય બંડ પોકાર્યુ ! : અગાઉ તત્કાલીન પંચાયત પ્રમુખ હીના પટેલે પણ કુડાસણ બેઠક પરથી જીત્યા હતા : ગઈકાલે સમિતિઓના ચેરમેનોની વરણીમાં બેચરજી ઠાકોરે બળવો પોકાર્યો હતો**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં બીજીવાર કોંગ્રેસમાં બળવાનો આરંભ કુડાસણ બેઠક પરથી થતાં આ યોગાનુયોગની વાતોએ રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બની છે.

ગાંધીનગર જિલ્લામાં અગાઉ પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે પણ ૮ સભ્યો સાથે પક્ષપલ્ટો કરી નેતાગીરી સામે બળવો પોકાર્યો હતો.

ગઈકાલે જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિ અને શિક્ષણ સમિતિમાં પણ પક્ષના મેન્ડેટને ફગાવી અન્યની નિમણુંકની વાત કુડાસણની બેઠક પરથી વિજયી થયેલા બેચરજી ઠાકોરે જ કરી હતી. એટલુ જ નહિ દરખાસ્ત મુકતાં તેમણે એવા વિધાનો ઉચ્ચાર્યા હતા કે પંચાયત પ્રમુખને હરાવી આવ્યા હતા પાર્ટીએ અમારી શુ કદર કરી કે અમારે મેન્ડેડ માનવો પડે... કુડાસણની બેઠક પરથી કોંગ્રેસની નેતાગીરી સામે બીજીવાર બળવાનું બ્યુગલ ફુંકાયુ હોવાથી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા જાગી છે કે આ યોગાનુયોગ છે કે જાણી બુઝીને કરાયેલી વાતો છે.

ગઈકાલે પંચાયતમાં થયેલા બળવાની ઘટનાની ગંભીર નોંધ પ્રદેશ કક્ષાએ લેવાઈ હોવાના સંકેતો રાજકીય વર્તુળો આપી રહ્યા છે અને આગામી દિવસોમાં શિસ્તનો દંડો પ્રદેશ સમિતિ દ્વારા ઉપાડવામાં આવે તો નવાઈ નહિ તેમ પણ વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે.

મહેસાણામાં શિસ્ત સમિતિએ સભ્યોને સાંભળ્યા છે હવે ગાંધીનગર સહિત અન્ય જિલ્લાઓમાં બનેલી ઘટનાઓ પર શિસ્ત સમિતિ કાર્યવાહી કરશે તેમ મનાઈ રહ્યું છે.


**બેસણું**



અમારા પુત્રવધુ અ.સૌ. **સોનલબેન પંકજ કુમાર શુકલ** તા.૨૮-૦૨-૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્ગતની પ્રાર્થના સભા તા. ૩-૩-૧૬ ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક** સુધી નીચેના સ્થળે રાખેલ છે

**સ્થળ :- બ્રહ્મ ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર**

જયાબેન બી. શુકલ
નીલાબેન એમ. શુકલ
વિધિ પી. ત્રિવેદી (પુત્રી)
માનસીબેન એમ. શુકલ

લિ.
બળવંતરાય જે. શુકલ
પંકજકુમાર બી. શુકલ
મુકેશકુમાર બી. શુકલ
પ્રિયાંકકુમાર કે. ત્રિવેદી (જમાઈ)
ભાર્ગવ એમ. શુકલ

સ્વ. જેઠાલાલ ટી. શુકલ પરિવાર (કોલવડા)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
ડો. વિનોદકુમાર એમ. યાજ્ઞિક કિરીટકુમાર એમ. યાજ્ઞિક
સ્વ. માણેકલાલ કે. યાજ્ઞિક (રાજપુર)



**બેસણું**



બ્રહ્માકુમારી અનુયાયી અને જીઈબી ગાંધીનગરના નિવૃત્ત એકઝીક્યુટીવ એન્જીનીયર સ્વ. વિજયકુમાર સૂરી તથા નિલમબેન સૂરીની દિકરી નીતુ સૂરી (શાલુબેન) સેન્ટર હેડ : મેજીક હેટ પ્રી-સ્કૂલ, સે.૨૯નું તા. ૨૯/૨/૨૦૧૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૩/૩/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સિંધુધામ, ઝુલેલાલ સાંઈબાબા મંદિર, સેક્ટર-૩૦, ગાંધીનગર**

લી.
**નીલમ સૂરી ● જયેશ સૂરી**



**બેસણું**



મારા ધર્મ પત્ની પરમેશ્વરીબેન હરીચંદ સોલંકીનું તા. ૦૧-૦૩-૨૦૧૬ના મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૦૩-૦૩-૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે : ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ૧૦-એ, સેક્ટર-૨-એ, સ્વામિનારાયણ મંદિર પાસે, ગાંધીનગર**

લિ. **સોલંકી હરીચંદ ભરતસિંહ (પતિ)(Retd.IPS)**
**રૂષભ હરીચંદ સોલંકી (પુત્ર) | તરૂણ હરીચંદ સોલંકી (પુત્ર)**



મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.


# ટાઉનહોલના રીનોવેશન માટે ૮ કરોડના પ્લાન તૈયાર

**નાણાંકીય જોગવાઈના અંતે કામ શરૂ કરાશે : છેલ્લા ત્રણ વર્ષથી કંગાળ ભાસતા ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ વારંવાર અટવાય છે : દુવિધાઓના અભાવ વચ્ચે કલાકારો માટેનુ સ્ટેજ પણ સલામત નથી**

ગાંધીનગર તા ૧

કંગાળ ભાસતા ટાઉનહોલના નવિનીકરણ માટે ટુંકમાં જ નાંણાંકીય જોગવાઇ કરવામાં આવે તેવી સંભાવના છે. ટાઉનહોલના રીનોવેશન તેમજ ઈલેક્ટ્રીફિકેશન માટે અંદાજિત રૂપિયા ૮ કરોડના ખર્ચ કરવામાં આવશે. જો કે આ માટે નાણાંકીય જોગવાઇના અંતે વિભાગકક્ષાએથી જરૂરી કાર્યવાહી પુર્ણ કરાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ટાઉનહોલના રીનોવેશન પ્રોજેકટને હાથ ધરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ટાઉનહોલમાં મોટાભાગની સુવિધાઓ ખાડે ગઇ છે.ત્યારે ટાઉનહોલને મરણપથારીએથી બેઠો કરવા માટે ટુંકમાં જ આયોજન કરવામાં આવશે તેમ પણ અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

શહેરમાં સે-૧૭ સ્થિત ટાઉનહોલની દશા બેઠી છે. જાળવણીના અભાવે ખંડેર બનતા જતા ટાઉનહોલમાં વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયુ છે. હોલમાં બેઠક વ્યવસ્થા આરામદાયક ન હોવાની સાથે સ્ટેજ લક્ષી દુવિધાઓનો પણ કોઇ પાર નથી. સ્ટેજ પરથી કાર્યક્રમ રજુ થતા કલાકારો માથે પણ ખતરો જળુંબી રહયો હોવાની ભયજનક સ્થિતિ સર્જાઇ છે. ટાઉનહોલમાં એસી પ્લાન્ટ પણ વારંવાર ખોટવાઇ જાય છે. વી આઇ પી લોન્જની લાઇટો પણ બંધ હાલતમાં છે. સ્ટેજની લાઇટ સુવિધા અને સાઉન્ડ સિસ્ટમ પણ રામભરોસે હોય તેમ ગમે ત્યારે અંધારપટ્ટ છવાઇ જાય છે. ટાઉનહોલના શૌચાલયોમાં પણ તુટેલી ટાઇલ્સો વચ્ચે ગંદકી ફેલાયેલી જોવા મળે છે. ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ છેલ્લા બે વર્ષથી અટવાયેલો છે.

આ મામલે અગાઉ વિભાગ કક્ષાએથી યોજના તૈયાર કરી ટાઉન પ્લાનીંગને સુપ્રત કરવામાં આવી હતી. પરંતુ ટાઉન પ્લાનીંગ કક્ષાએથી ટાઉનહોલમાં જરૂરી સુધારણા અંગેનો પ્લાન આખરી ન થતા આ મામલે તંત્ર કક્ષાએથી પણ કોઇ ગતિવિધિઓ હાથ ધરી શકાઇ નથી. શહેરમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડવા ઉપરાંત સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપવા નિર્માણ કરાયેલો ટાઉનહાલ છેલ્લા ત્રણ વર્ષથી મરણપથારીએ છે. ત્યારે આગામી દિવસોમાં ટાઉનહોલના નવિનીકરણ માટે રૂ ૮ કરોડ ખર્ચવામાં આવે તેવી શકયતા છે.વિભાગના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટનુ કામ ટુંકમાં શરૂ કરાશે.

## ટાઉનહોલમાં સ્ટેજનો પડદો ઉંચકાય ત્યારે રસ્સી ખેંચ જેવા દ્રશ્યો સર્જાય છે



(તસવીર : દિપક જાની)

શહેરના કલાકરોને સ્ટેજ પુરુ પાડવા તેમજ અવનવા કાર્યક્રમો અને સમારંભો આયોજન માટે નિર્માણ કરાયેલા ટાઉનહોલની જાળવણીના અભાવે રોજબરોજ નતનવી સમસ્યાઓ આંખ સામે ખડી થાય છે. ટાઉનહોલમાં સ્ટેજલક્ષી મહત્વની સુવિધાઓમાં પણ મોટા છીંડા છે. કલાકરો સલામત રીતે પરર્ફોમ કરી શકતા નથી. સાઉન્ડ અને લાઇટની સેવા પણ સદંતર ખાડે ગઇ છે. વર્ષ દરમિયાન અનેકવિધ સરકારી તેમજ સંસ્થાકીય કાર્યક્રમના આયોજનમાં વ્યસ્ત જોવા મળતા હોલમાં નામી કલાકારો કાર્યક્રમ રજુ કરે છે. જયારે સરકારી સમારંભો દરમિયાન અનેક મહત્વની યોજનાઓ પણ ટાઉનહોલમાં જાહેર થાય છે.ત્યારે ટાઉનહોલની અવદશાના લીધે સરકાર તેમજ આયોજક સંસ્થા બન્નેની આબરૂ જાય તેવી સ્થિતિ સર્જાઇ છે. ટાઉનહોલના સ્ટેજનો પડદો પણ ખોલબંધ કરવા માટે જાણે રસ્સી ખેંચ જેવા દ્રશ્યો જોવા મળે છે.તેમજ સંસ્થાકીય કાર્યક્રમના આયોજનમાં વ્યસ્ત જોવા મળતા હોલમાં નામી કલાકારો કાર્યક્રમ રજુ કરે છે. જયારે સરકારી સમારંભો દરમિયાન અનેક મહત્વની યોજનાઓ પણ ટાઉનહોલમાં જાહેર થાય છે.ત્યારે ટાઉનહોલની અવદશાના લીધે સરકાર તેમજ આયોજક સંસ્થા બન્નેની આબરૂ જાય તેવી સ્થિતિ સર્જાઇ છે. ટાઉનહોલના સ્ટેજનો પડદો પણ ખોલબંધ કરવા માટે જાણે રસ્સી ખેંચ જેવા દ્રશ્યો જોવા મળે છે.


**જગ્યા ભાડે આપવાની છે**

સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦

**સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮**

**જગ્યા ભાડે આપવાની છે**

શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ

**સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮**



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com